રજુ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં.5860–2020**

આંક–

ફરીયાદી : સરકાર શ્રી.

વિરૂધ્ધ.

આરોપી : બિરપાલસીંહ કિલેદારસીંહ કુશવાહ

ફરીયાદી તર્ફે વિ. વ.શ્રી એ.પી.પી. અને આરોપી તર્ફે વિ.વ.શ્રી.

**ગુનો : ઈ.પી.કો.ક. ૨૮૩ મુજબ.**

**–ઃચૂકાદોઃ–**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,
આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન/લારી જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ઉભી રાખી ભયજનક રીતે પાર્ક કરી, ઈ. પી. કો. ક. ૨૮૩ મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે અને તે મુજબ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૨. આરોપીને પ્રોસેસ કરતાં હાજર થઈ પોતે ગુન્હો કબુલવા માંગે છે તેવી સ્વેચ્છાએ જાહેરાત કરતાં આરોપીની ગુન્હા કબુલાત પ્લી લીધેલ છે જેમાં આરોપીએ તેમની વિરુધ્ધનો ગુનો કબુલ કરેલ છે.

૩. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–ઃઆખરી હુંકમઃ–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૨ અન્વયે ઈ. પી. કો. ક. ૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને સંયુકત રૂા.૧૦૦/– અંકે રૂપિયા એક સો પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો તા. 7 માહે એપ્રીલ સન ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

તા. ૦૭/૦૪/૨૦૨૧
**સ્થળ : અમદાવાદ**

ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર,
અમદાવાદ.